# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31/07/2025** **Evening : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1) પશુપાલન મંત્રી રાઘવજી પટેલે 20 કરોડ રૂપિયાનાં ખર્ચે નવનિર્મિત 31 પશુ સારવાર સંસ્થાનું ઈ-લોકાર્પણ કર્યું
2) જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ રાજ્યનાં પ્રવાસીઓને જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષાની ખાતરી આપી
3) રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કેન્સર સહિતની બિમારીઓ રોકવા પ્રાકૃતિક કૃષિની હિમાયત કરી
4) મેક ઇન ઇન્ડિયા પહેલ હેઠળ મેગાવોટ કક્ષાનો ગ્રીન હાઇડ્રોજન પ્લાન્ટ કાર્યરત કરનાર દીન દયાલ પોર્ટ ભારતનું પ્રથમ બંદર બન્યું
5) રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યુઃ ઉપરવાસમાં ભારે વરસાદથી સિઝનમાં પહેલીવાર નર્મદા ડેમનાં દરવાજા ખોલવામાં આવ્યા

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

**PASHU SARVAR SANSTHA**

પશુપાલન મંત્રી રાઘવજી પટેલે રાજ્યના ૧૦ જિલ્લામાં આશરે 20 કરોડ રૂપિયાનાં ખર્ચે નવનિર્મિત કુલ ૩૧ પશુ સારવાર સંસ્થાનું ઈ-લોકાર્પણ કર્યું હતું.

પ્રસ્તુત છે એક અહેવાલ

(VOICE CAST)

*ગાંધીનગર ખાતે આજે "પરિવર્તનશીલ વિશ્વમાં પશુ સ્વાસ્થ્ય: નવીનતા , રોગ નિવારણ અને પશુકલ્યાણ " વિષય પર સેમિનાર યોજાયો હતો. પશુપાલન મંત્રી રાઘવજી પટેલે 20 કરોડના ખર્ચે નવનિર્મિત ૩૧ પશુ સારવાર સંસ્થાનું ઈ-લોકાર્પણ કર્યું હતું.*

*આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું કે વિશ્વના કુલ દૂધ ઉત્પાદનમાં ભારતનો ફાળો ૨૫ ટકા છે અને વાર્ષિક ૧૮૩ મેટ્રિક ટન દૂધ ઉત્પાદન સાથે ગુજરાત ચોથા ક્રમે છે. શ્રી પટેલે કૃત્રિમ બીજદાનની તાલીમ પૂર્ણ કરેલા ૨૧૭* ***MAITRI*** *ટેકનીશીયનને કીટ અને પ્રમાણપત્ર અર્પણ કર્યા હતા. આ પ્રસંગે રાજ્યની વેટરનરી કોલેજોના ૩૧ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને "સ્ટુડન્ટ ઓફ ધ યર"નું સન્માન આપવામાં આવ્યું હતું.*

*સેમિનારમાં રાજ્યમાં પશુઓમાં જોવાં મળતા લમ્પી રોગચાળા અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.*

*અનિલ પટેલ, આકાશવાણી સમાચાર, અમદાવાદ*

## TRAVEL TOURISM FAIR

કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ રાજયના પ્રવાસીઓને જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષાની ખાતરી આપી અને કાશ્મીરની મુલાકાતે આવવા નિમંત્રણ આપ્યું છે.

અમદાવાદમાં પત્રકારોને સંબોધિત કરતા તેમણે કહ્યું કે પહલગામ હુમલા બાદ જમ્મુ કાશ્મીરના પ્રવાસન સ્થળોનું સુરક્ષા ઓડિટ હાથ ધરવામાં આવ્યું છે આ કામગીરી પૂર્ણ થયા બાદ જ પ્રવાસન સ્થળો ખુલ્લા મુકવામાં આવી રહ્યા છે.

તેમણે કહ્યું કે પહલગામ હુમલાબાદ જમ્મુ અને કાશ્મીરના પ્રવાસન પર અસર થઈ હતી પરંતુ તે હવે ફરી સામાન્ય થઈ રહી છે. અમરનાથ યાત્રા અને વૈષ્ણોદેવી યાત્રાનું સફળ આયોજન એ પુરવાર કરે છે.

ગુજરાત મહારાષ્ટ્ર અને પશ્ચિમ બંગાળમાંથી જમ્મુ કાશ્મીરમાં સૌથી વધારે પર્યટક આવવા હોવાથી જમ્મુ અને કાશ્મીર તંત્ર દ્વારા આ રાજ્યોમાં જઈને કાશ્મીર પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે કામગીરી થઈ રહી છે, તેમ પણ તેમણે ઉમેર્યું હતું

અગાઉ ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે શ્રી અબ્દુલ્લા અને રાજ્યનાં પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાએ 3 દિવસના ટ્રાવેલ એન્ડ ટુરીઝમ ફેર (TTF) 2025નું ઉદઘાટન કર્યું હતું. આ ટુરીઝમ ફેરમાં 900થી વધુ પ્રદર્શકો ભાગ લઇ રહ્યા છે. આ પ્રસંગે શ્રી બેરાએ આ મુજબ જણાવ્યુ.

(BYTE MULUBHAI BERA)

## SAHAKAAR THI SAMRUDDHI -JAGDISH VISHVKARMA -PALANPUR

“સહકાર થી સમૃદ્ધિ” અંતર્ગત સહકાર રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્માની અધ્યક્ષતામાં બનાસ ડેરી ,પાલનપુર ખાતે સમીક્ષા બેઠક યોજાઈ. વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં મંત્રીશ્રીએ જણાવ્યુ કે ગુજરાત સમગ્ર દેશમાં સહકાર ક્ષેત્રે આગલી હરોળમાં પહોંચ્યું છે. તેમણે ઉમેર્યું કે વધુમાં વધુ ખેડૂતો , પશુપાલકો, એ.પી.એમ.સીના વેપારીઓ સહકારી બેંક સાથે જોડાય તે જરૂરી છે. આ પ્રસંગે તેમણે સહકારી સંસ્થાઓને વેલ્યુ એડીશન તરફ આગળ વધવાનું સૂચન કર્યું હતું.

## ROAD RASTA SAMEEKSHA BETHAK -GIR SOMNAATH

સમગ્ર રાજ્યમાં ક્ષતિગ્રસ્ત રોડ રસ્તાઓના સમારકામ અંગે યુદ્ધના ધોરણે કામગીરી કરવામાં આવી રહી છે ત્યારે ગીર સોમનાથ જીલ્લામાં પ્રભારી મંત્રી પરસોત્તમ સોલંકીએ જિલ્લાના પુલ, રોડ-રસ્તા અને ઈમારતની સ્થિતિ અંગે ઉના ખાતે સમીક્ષા બેઠક યોજી.

આ સમીક્ષા બેઠકમાં મંત્રીશ્રીએ આ અંગે વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીશ્રીઓ પાસેથી પરિસ્થિતિ અંગે વિસ્તૃત જાણકારી મેળવી. તેમણે જર્જરિત શૈક્ષણિક ઈમારતોના રીપેર તેમજ વિદ્યાર્થીઓની સગવડતા પર વિશેષ ભાર મૂક્યો હતો.

## CANCER SOCIETY -RAAJYAPAAL DEVVRAT

રાજયપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું કે, રાસાયણિક ખેતીથી ઉત્પાદિત ખોરાક ખાવાથી લોકો અનેક બીમારીઓનો ભોગ બની રહ્યા છે. આજે ગુજરાત કેન્સર સોસાયટીની વાર્ષિક સાધારણ સભા અને ગવર્નિંગ કાઉન્સિલની બેઠકના અધ્યક્ષસ્થાનેથી બોલતાં તેમણે કેન્સર જેવા રોગોથી બચવા ખેડૂતોને પ્રકૃતિક ખેતી અપનાવવા પર ભાર મૂક્યો હતો.

શ્રી દેવવ્રતે ગુજરાત કેન્સર સોસાયટીના આરોગ્ય કર્મીઓને અભિનંદન પાઠવતાં કહ્યું કે, કેન્સર જેવા જીવલેણ રોગ સામે ઝઝુમતા દર્દીઓ તબીબી વિજ્ઞાનના પ્રયત્નોથી હવે પોતાનું આયુષ્ય વધારી શકે છે અને ઓછી પીડા સાથે જીવન જીવી શકે છે.

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

## DEENDAYAL PORT

કંડલા સ્થિત દીનદયાળ પોર્ટ ઓથોરિટીએ દેશનો પ્રથમ એક મેગાવોટ સ્કેલનો ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટ કાર્યાન્વિત કર્યો છે. વહાણવટા અને જળમાર્ગ કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલે પ્લાન્ટનું ઉદઘાટન ક રતાં જણાવ્યું કે, મેક ઇન ઇન્ડિયા પહેલ હેઠળ આ ગ્રીન હાઇડ્રોજન સુવિધાનું નિર્માણ થયું છે. જે વાર્ષિક આશરે 140 મેટ્રિક ટન ગ્રીન હાઇડ્રોજન ઉત્પન્ન કરવા માટે સક્ષમ છે.

શ્રી સોનોવાલે જણાવ્યું કે , 10 મેગાવોટ પ્રોજેક્ટના ભાગ રૂપે 1 મેગાવોટ પ્લાન્ટના પ્રથમ મોડ્યુલનું અમલીકરણ થયું છે.

## WEATHER REVISE

રાજ્યમાં છેલ્લાં ત્રણ દિવસથી વરસાદનું જોર ઘટ્યું છે. આજે રાજ્યનાં 33 તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો છે. **રાજયમાં અત્યાર સુધી મોસમનાં સરેરાશ વરસાદની સરખામણીમાં 63 ટકા વરસાદ પડ્યો છે. સૌથી વધુ 66 ટકા વરસાદ દક્ષિણ ગુજરાત ઝોનમાં નોંધાયો છે.**

રાજ્યનાં 31 ડેમ 100 ટકા ભરાયા છે , 51 ડેમ હાઇ એલર્ટ પર અને 23 ડેમ એલર્ટ પર છે. મધ્ય પ્રદેશના ઓમકારેશ્વર ડેમમાંથી પાણી છોડવામાં આવતા રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમની જળસપાટીમાં સતત વધારો થઇ રહ્યો છે. જેને પગલે આજે સિઝનમાં પહેલીવાર ડેમના પાંચ દરવાજા 2 મીટર ખોલી નર્મદા નદીમાં પાણી છોડવામાં આવી રહ્યું છે. નર્મદા જીલ્લાના DYSP પી.આર.પટેલે કાંઠા વિસ્તારમાં રહેતા લોકોને સાવચેત રહેવા સૂચના આપી છે.

**(બાઇટ- DYSP પી.આર.પટેલ)**

પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને નર્મદા નદીના કાંઠાના વિસ્તારો, જેવા કે વડોદરા, ભરૂચ અને નર્મદા જિલ્લાના ગામોને એલર્ટ કરાયાં છે.

હવામાન વિભાગે આગામી 24 કલાક દરમિયાન રાજ્યના કેટલાંક વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવા વરસાદની આગાહી કરી છે. રાજ્યમાં ચોમાસાની શરૂઆતથી એટલે કે 1 જૂનથી 31 જુલાઈ સુધીમાં સરેરાશ કરતાં 27 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે.

આ અંગે હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે વધુ માહિતી આપીઃ

(BYTE - RAMASHREY YADAV)

**KUTCH EARTHQUAKE**

કચ્છ જિલ્લામાં છેલ્લા એક પખવાડિયાથી ભૂકંપના આંચકાની સંખ્યામાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. આજે સવારે રાપરના રણ સરહદે આવેલા બેલા ગામથી 16 કિલોમીટર દૂર ૩.૩ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. આ આંચકાથી સ્થાનિક લોકોમાં ગભરાટ ફેલાયો હતો. સતત આવીરહેલા ભૂકંપના આંચકાઓથી કચ્છવાસીઓમાં ચિંતાનો માહોલ છે. જોકે આ આંચકાઓના કારણે કોઈપણ સ્થળે જાનમાલની નુકસાની થઈ નથી.

## EK PED MAA KE NAAM

'એક પેડ મા કે નામ અભિયાન ' અંતર્ગત ઈન્ડિયન ફોરેસ્ટ સર્વિસ ઓફિસર- વાઇવ્ઝ એસોસિએશન દ્વારા પુનિત વન, ગાંધીનગર ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એસોસિએશનનાં અધ્યક્ષા અને વન વિભાગના વડા ડોક્ટર એ.પી .સિંધનાં પત્ની ગીતા સિંઘે જણાવ્યું કે , એસોસિએશનનાં સભ્યો દ્વારા 'એક પેડ મા કે નામ ૨.૦ અભિયાન' અંતર્ગત વિવિધ પ્રકારના કુલ ૧૧૧ વૃક્ષોરોપવામાં આવ્યા હતા.

**PERFECTION CAMPAIGN**

"આકાંક્ષી તાલુકા કાર્યક્રમ" અન્વયે સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકામાં "સંપૂર્ણતા અભિયાન સન્માન સમારોહ ”કાર્યક્રમ આશીર્વાદ વિકલાંગ ગૃહ , પોલીસ સ્ટેશનપાછળ, સાયલા ખાતે યોજાયો હતો. છોટાઉદેપુરજિલ્લાનો જિલ્લા કક્ષાનો ‘સંપૂર્ણતા અભિયાન સન્માન સમારોહ ’ કાર્યક્રમ જિલ્લા પંચાયત પ્રમુખ મલકાબેન પટેલના અધ્યક્ષતામાં યોજાયો હતો.

## NIRAMAY HEALTHINSURANCE

દિવ્યાંગજનોને આરોગ્ય કવચ પુરુ પાડવા માટે રાજ્ય સરકારે શરૂ કરેલી નિરામયા હેલ્થ ઇન્સ્યોરન્સ યોજના હેઠળ પાંચ વર્ષમાં રાજ્યના 77 હજારથી વધુ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. આ દિવ્યાંગ લાભાર્થીઓને 1 કરોડ 91લાખ રૂપિયાનાં ખર્ચે વાર્ષિક એક લાખ રૂપિયા સુધીનું આરોગ્ય વીમા કવચ આપવામાંઆવ્યું છે. આ યોજના હેઠળ બૌધ્ધિક અસમર્થતા, સેરેબલ પાલ્સી , ઓટીઝમ ધરાવતા દિવ્યાંગજનને લાભઆપવામાં આવે છે. આ યોજનામાં ઉક્ત ચાર પ્રકારની દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગ વ્યક્તિને વીમા રક્ષણ મળવાપાત્ર છે.